## શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

## વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

# જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

## વ્યાખ્યાન-૧૦

## મંત્ર અને યંત્ર : વૈજ્ઞાનિક લાક્ષણિકતા અને વિશ્લેષણ -૨

**વ્યાખ્યાતા- આચાર્ય શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ**

**તારીખ – ૧૭/૦૨/૨૦૨૩**

મંત્ર યંત્ર અને તંત્ર મનુષ્ય માત્ર સુખ ઇચ્છે છે, દુઃખ કોઈને પણ ગમતું નથી અને દુઃખ હોય એને દૂર કરવા માટે પોતે પ્રયત્ન કરે છે, પુરુષાર્થ કરે છે, મહેનત કરે છે પણ સુખ અને દુઃખ એ પૂર્વ ભવના જે કર્મ છે એના કારણે સુખ અને દુઃખની પ્રાપ્તિ થાય છે. તો મંત્ર જાપ દ્વારા એ શુભ અશુભ કર્મો દૂર થાય છે કે ના થાય તો અથવા તો તીવ્ર હોય તો એની તીવ્રતા ઓછી થાય તે નહીં એની ચર્ચા આપણે કરી છે. આપણે એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોલોજી સાથે આ મંત્ર યંત્રને જોડીએ છીએ એ પછી તરત જ આ વિષય લેવામાં આવ્યો છે એનું કારણ એ છે કે ગ્રહો એ આપણા પૂર્વભવના શુભ અશુભ કર્મોના સૂચક છે. ગ્રહ સંબંધ જાપ કરવામાં આવે કે કોઈ નંગ પહેરવામાં આવે તો એ ગ્રહ સંબંધી અશુભ અસર દૂર થાય કે કેમ આ એક મોટો પ્રશ્ન છે. એના જવાબમાં એટલું જ કહેવાનું કે દરેક ગ્રહોમાંથી એના પોતાના સ્વભાવ પ્રમાણેના કોસ્મિક રેસ ઉત્સર્જિત થતા હોય છે. એ આકાશમાં રહેલા ગ્રહોની સ્થિતિ પર આધાર રાખે છે. આ રીતે એની સ્થિતિના આધારે જે છે એની પોઝિટિવ અને નેગેટિવ બંને અસરો હોઈ શકે છે. નેગેટીવ ઈફેક્ટ છે એને દૂર કરવા માટે મંત્ર જાપ કરવામાં આવે છે. ગ્રહ સંબંધ સૂર્ય અને ચંદ્ર જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે પ્રમાણે એને ગ્રહ તરીકે લેવામાં આવે છે ખગોળશાસ્ત્ર માં ગ્રહ તરીકે લેવામાં આવતા નથી. મંગળ બુધ ગુરુ શુક્ર સૂર્ય અને ચંદ્ર રાહુ કેતુ શની છાયા ગ્રહો કહેવાય

છે એના સંબંધિત અશુભ અસરો છે એને દૂર કરવા માટે નંગ પહેરવામાં આવે છે. સૂર્યની જો અશુભ અસર હોય ને દૂર કરવા માટે માણેક પહેરવામાં આવે છે. ચંદ્રની અશુભ અસર દૂર કરવા માટે તો એના માટે મોતી પહેરવામાં આવે છે. મંગળની અશુભ અસર દૂર કરવા માટે કોરલ એટલે કે પરવાળા નો નંગ પહેરવામાં આવે છે. આ રીતે નવ ગ્રહો સંબંધી અલગ અલગ ગ્રહ નંગ પહેરવામાં આવે છે. હવે આ નંગ પહેરવાથી એની અશુભ અસરો દૂર થાય કે નહીં એ મહત્વની વસ્તુ છે. એની અસર માટે આપણે પ્રેક્ટીકલ રિસર્ચ પણ કર્યું છે.

દરેક નંગની અંદર પોઝિટિવ કે નેગેટિવ ઇફેક્ટ હોય જ છે એમાંથી પોઝિટિવ અને નેગેટીવ કિરણો ઉત્સર્જિત થતા હોય છે એનું ટેસ્ટિંગ કરી ત્યારે એ નંગ પહેરવામાં આવે ત્યારે એનું પોઝિટિવ કે નેગેટિવ અસર થાય છે કઈ રીતે અસર થાય છે. એ પણ સાયન્ટિફિક છે એની પાછળ પણ વિજ્ઞાન સંકળાયેલું છે. તો જે તે ગ્રહ સંબંધથી તેમાંથી ઉત્સર્જિત થતા છે જે કોસ્મિક રેસ છે એ જે તે ગ્રહ સંબંધી નંગ છે એ એક્સેપ્ટ કરે છે એ એક જાતનું રીસીવર છે. એ રિસીવ કરી આપણા શરીરની અંદર અસર કરે છે અને ગ્રહ સંબંધી જે કંઈ અશુભ અસરો હોય કોસ્મિક રેસ દ્વારા દૂર થાય છે. આ રીતે એસ્ટ્રોલોજી ની સાથે મંત્ર વિજ્ઞાન પણ સંકળાયેલું છે અને એ રીતે આ દત્ત વિજ્ઞાન પણ સંકળાયેલું છે એટલે આજે આપણે આ બધી વાત કરીશું.

આની આપણે ત્યાં આખી પરંપરા હતી મંત્ર વિજ્ઞાનની એવું એવું હોય છે કે જૈન દર્શન તો કર્મો ને માને છે એમાં આ મંત્ર તંત્ર ની કોઈ પરંપરા હતી નહીં આવા ઘણા બધા પ્રશ્નો રેશનાલિસ્ટ વિદ્વાનો કરે છે. જૈન દર્શનમાં પણ મંત્ર વિજ્ઞાન હતું. 14 પૂર્વ માં નવમું વિદ્યા પ્રવાસ  નામનું જે પૂર્વ છે એમાં એ આખું જ મંત્ર આધારિત છે. મંત્ર સાધના અને યંત્ર સાધનાથી ભરપૂર હતું. પ્રાચીન કાળના મહાપુરુષો પાસે આ વિદ્યાઓ હતી યોગ તેઓ પોતાની તેનો પ્રયુક્તિઓ પોતાની ઈચ્છા પ્રમાણે કોઈકનું કલ્યાણ કરવા માટે જ ઉપયોગ કરતા હતા. કોઈનું પણ અકલ્યાણ કરવા માટે એનો તે લોકો ક્યારે પણ ઉપયોગ કરતા ન હતા. એટલે જૈન દર્શનમાં પણ આ વિધા આવેલી છે. આ પ્રશ્ન કરતા હોય છે કે આ મંત્રનો જો જાપ કરીએ તો એનું ફળ મળે કે ના મળે તો દરેક મંત્ર કે યંત્ર એકબીજા સાથે સંકળાયેલા છે. એ યંત્રની

સિદ્ધિ કરવી પડે મંત્ર દ્વારા. પણ આ બધું સિદ્ધ કરવા માટે એની એક વિશિષ્ટ વિધિ હોય છે આમ્નાય. પ્રાચીનકાળના મહાપુરુષો પાસે આ આમ્નાય વિચાર આમ્નાય વિધિ ગુરુ પરંપરાથી આવેલી હતી તો આ ગુરુ પોતાના પરંપરા ના શિષ્યો અથવા તો પોતાના પરંપરામાં ના હોય પણ યોગ્ય વ્યક્તિ હોય એને તેઓ આપતા હતા. તો પ્રાચીનકાળના મહાપુરુષો પાસે આ મંત્ર તંત્રની વિશિષ્ટ વિદ્યા હતી અને એમાં આમ્નાય એ બહુ મહત્વની વસ્તુ છે. ઘણા લોકો આ પુસ્તકો દ્વારા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે, પણ એ સિદ્ધ થતા નથી કારણ કે એમાં કોઈકને કોઈક એક સાંકેતિક શબ્દ આપેલો હોય છે. એ શબ્દ નો અર્થ જ્યાં સુધી ખબર ના પડે ત્યાં સુધી ત્યાં તેની સિદ્ધિ થઈ શકતી નથી. એ અને જે સ્ટેપ્સ બધા લખ્યા હોય પણ એકાદ મહત્વના સ્ટેપને ગુપ્ત રાખવામાં આવતું હોય છે. એ હસ્તલિખિત પ્રતોમાં કે પુસ્તકો માં આપેલું નથી હોતું તો એના આધારે સિદ્ધિ માટે આપણે પ્રયત્ન કરીએ તો એ ફળ મહાપુરુષોએ તે બતાવ્યું છે એ મળતું નથી. આમનાય એ બહુ મહત્વની વસ્તુ છે સાથે સાથે મંત્ર અને યંત્ર વિદ્યા ની અંદર એક પરિબળ કામ નથી કરતું ઘણા બધા ફેક્ટર કામ કરે છે. એનું જે નિર્માણ કરનાર મહાપુરુષો છે એની શુભ ભાવના પણ આની સાથે સંકળાયેલી હોય છે. મંત્ર અને યંત્રની સિદ્ધિ કરતા પહેલા યોગ્ય ગુરુ ભગવંત એની પરંપરાના ખ્યાત ગુરુ હોય એમની પાસેથી એમના આશીર્વાદ લઈને માર્ગદર્શન લેવું જોઈએ અને એ પછી મંત્ર સાધના કરવામાં આવે છે ત્યારે એ અવશ્ય સિદ્ધ થાય છે. મંત્ર અને યંત્ર એ બંનેની અંદર આમ્નાય એટલે કે પરંપરાનું બહુ મોટું વિશિષ્ટ મહત્વ રહેલું છે

હવે આપણે સરસ્વતી માતાના યંત્રની વાત કરીએ. અહીં સરસ્વતી દેવી નું ચિત્ર આપવામાં આવ્યું છે અને એમનો બીજ મંત્ર એમ નમઃ આપવામાં આવ્યો છે. આ ફોટોગ્રાફ ની વિશિષ્ટતા એ છે કે આ એ નમઃ એ મંત્ર લખી અને આખો ફોટોગ્રાફ બનાવવામાં આવ્યો છે.આર્ટિસ્ટએ પેન્સિલ દ્વારા આર્ટિસ્ટે પેન્સિલ દ્વારા ગુજરાતી લિપિમાં આ મંત્ર લખ્યો .છે રંગોની પેન્સિલ વડે આ ચિત્ર બનાવ્યું છે સરસ્વતી દેવીના અન્ય ક્ષેત્ર કરતા ચિત્ર કરતા આ ચિત્રના vibrations આખા અલગ જ અને પોઝિટિવ મળે છે કારણ કે મંત્ર દ્વારા આ સૂત્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. મોટાભાગના બધા સાધુ ભગવંતો તો અને સાધુ સાધ્વીજીઓ ધર્મ પાસક

હોય યા મંત્રનું જાપ કરતા હોય છે જેને જ્ઞાન ન ચડતું હોય જેનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય ના થયો હોય ઉદય હોય એ વ્યક્તિએ આ સરસ્વતી દેવીનું મંત્ર જો આપ કરવાનું કહેવામાં આવે છે અને એથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે તથા આચાર્ય ભગવંતો પણ સરસ્વતીની ઉપાસના કરે છે હેમચંદ્રાચાર્યજી મહાપાધ્યાય શ્રી યશોવિજય છે આદિ વગેરે સરસ્વતી માતાની ઉપાસના કરી છે. હેમચંદ્રાચાર્યજી,બપ્પ ભટ્ટી  સૂરીશ્વરજી મહારાજ અને મહા મહોપધ્યાય  યશોવિજયજી આદિ ત્રણે મહાપુરુષોએ સરસ્વતી માની ઉપાસના કરી હતી.

બપ્પ ભટ્ટી  સૂરીશ્વરજી મહારાજ ની દીક્ષા ખુબજ બાલ્યા અવસ્થામાં થઈ હતી અને માત્ર 11 વર્ષની ઉંમરે એ આચાર્ય થઈ ગયા હતા. આ રીતે આટલી નાની ઉંમરમાં આચાર્ય પદ પ્રાપ્ત કરનારા આ મહાન પુરુષ સરસ્વતીના  ઉપાસક હતા. એમના જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થયો એ રોજની 1000 ગાથા કંઠસ્થ કરતા. આ રીતે સરસ્વતી માતાનો જે મંત્ર જાપ છે એ દ્વારા જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થાય છે. અહીં હેમચંદ્રાચાર્યજી માટે પણ કહેવાય છે કે એ કાશ્મીરમાં સરસ્વતી દેવીનું સ્થાન છે અને શારદાપીઠ છે સંસ્કૃતિની પીઠ છે, એની આરાધના કરવા માટે તેઓ મુની અવસ્થામાં જઈ રહ્યા હતા ત્યારે સરસ્વતી દેવીએ સાક્ષાત આવીને કહ્યું કે તમારે કાશ્મીર આવવાની જરૂર નથી અહીંથી જ આરાધના કરો અને મહારાજે એ સાધના કરેલી. નજીકના ભૂતકાળની વાત કરીએ તો યશોવિજયજી મહારાજે સરસ્વતી દેવીની સાધના કરેલી. એમણે બીજ મંત્ર નું 21 દિવસમાં આયંબીલ ના તપ દ્વારા સવા કરોડનો જાપ કરેલો. આ વાત અતિશયોક્તિ લાગે કદાચ પણ અજપા જપ ની આપણી પદ્ધતિ આવી જ હોય છે આ આવડી જાય તો કોઈ વાત અશક્ય બનતી નથી બધું જ શક્ય બને છે. યશોવિજયજી મહારાજ  આજના બનારસમાં નવ્ય ન્યાય નો અભ્યાસ કરવા ગયા હતા. ત્યાં જઈને સર્વપ્રથમ એમણે ગંગા નદીના કિનારે સરસ્વતી દેવીની 21 દિવસની આરાધના કરી. એમના કોઈ પણ ગ્રંથમાં શરૂઆતમાં શરૂઆતનો અક્ષર અહીં થી ચાલુ થાય છે કારણ કે એ બીજ મંત્ર છે. જ્ઞાનસાર અષ્ટકની શરૂઆતમાં પણ અહીંથી થાય છે અને વૈરાગ્ય સતક કર્મમાં મંગલાચરણમાં એનાથી શરૂઆત થાય છે. આ રીતે અહીં જે મંત્ર છે એના પ્રત્યે જેને અત્યંત લગાવ હતો. તેમણે પોતાના ગ્રંથમાં બતાવતા એક જગ્યાએ લખ્યું છે કે  ગંગા નદીના કિનારે જાપ જપતા માતા

સરસ્વતી મારા ઉપર પ્રસન્ન થયા એમણે મને વરદાન આપ્યું છે. એટલે બાળકોને આ મંત્રનો જાપ હંમેશા કરાવવું જોઈએ. આમપણ સામાન્ય રીતે જ્યોતિષ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે વિદ્યા આરંભે ગુરુ શ્રેષ્ઠ વિદ્યા આરંભ  કરવો હોય, મંત્ર શક્તિ કરવી હોય અધ્યયન શરૂ કરવાનું હોય એમાં ગુરૂવાર છે અને ગુરુવાર હોય ગુરૂવારના પુશ્ય નક્ષત્ર હોય ત્યારે એમાં કોઈપણ જાતના મંત્ર અને યંત્રની સ્થિતિ થઈ શકે છે. આ રીતે મંત્ર અને જ્યોતિષશાસ્ત્ર બંને એકબીજા સાથે સંકળાયેલા છે અને ગુરુવાર અને પુષ્યનક્ષત્ર હોય ત્યારે સરસ્વતી માતાના બીજ મંત્રના જાપથી આપણા જ્ઞાનાવરણીય કર્મનો અવશ્ય ક્ષય થાય છે.

પુદ્ગલ પરમાણુઓ નો બનેલો છે આ પરમાણુઓની શક્તિ અચિંત્ય છે. પરમાણુમાં એનર્જી છે અને એટમ બોમ અણુ બોમ્બ ની અંદર પ્રત્યક્ષ જોઈ શકાય છે. આ પુદગલ પરમાણુ ની અંદર શક્તિ કેટલી એમાં અનંત શક્તિ રહેલી છે અને આત્માની અંદર પણ અનંત શક્તિ છે. આત્માની શક્તિ અને પુદગલ પરમાણુની શક્તિ માં તફાવત છે. આત્માની અનંત શક્તિ સ્વાધિન છે જ્યારે પરમાણુની જે શક્તિ છે એ પરાધીન છે પરતંત્ર છે. વિજ્ઞાનની અંદર જે ઉર્જા છે એ ઉર્જા એમાં ઘણા બધા પ્રકારો આપેલા છે. એમાં કાંઈનેટીક એટલે કે ગતિ ઉર્જા બતાવવામાં આવી છે. એટલે પરમાણુની જે ઉર્જા છે એનો જે વેગ છે એ વેગ ઉપર આધાર રાખે છે. જેમ વેગ વધારે એમ એની ઊર્જા વધારે હોય છે, એમાંથી ક્રિએટ થતી હોય છે. પરમાણુ  છે એની શક્તિ અચિંત્ય  છે એવી રીતે આત્માની શક્તિ પણ અચિંત્ય છે. ધ્વનિ પણ પુદ્ગલ પરમાણુનો બનેલો છે એટલે ધ્વનિની પણ પોતાની ઊર્જા હોય છે. સામાન્ય રીતે એમ થાય કે ધ્વનિની અંદર કયા પ્રકારની ઊર્જા હશે. ધ્વનિ ની અંદર નકારાત્મક પણ ઉર્જા હોઈ શકે છે અને સકારાત્મક ઉર્જા પણ હોઈ શકે છે. નકારાત્મક ઉર્જા એ શબ્દો તમે કયા ભાવથી બોલો છો તેવા શબ્દો બોલો છો એના ઉપર આધાર રાખે છે લીપીનો પણ એમાં મહત્વનો ભાગ હોય છે જોડાક્ષરોનો પણ એમાં ભાગ હોય છે શબ્દો કઠોર અક્ષરો હોય તો એની એનર્જી નેગેટિવ હોય છે અને સોફ્ટ સરળ અક્ષરો હોય તો એની એનર્જી પોઝિટિવ હોય છે. ધ્વની ની શક્તિ પણ અચિન્તય છે અને મંત્ર દ્વારા વિશ પણ અમૃત બની જાય છે, તેમાં પણ રોગ મટાડવાની શક્તિ આવે છે.

વિજ્ઞાનના સંદર્ભમાં એની વાત કરીએ તો મંત્ર ઉપર શ્રદ્ધા બહુ મહત્વનો ભાગ ભજવે છે. શ્રદ્ધા એ ક્લાસિગો ઇફેક્ટ જેવું છે. આ વિજ્ઞાનમાં ઘણી બધી વસ્તુઓ જોવા મળે છે. આપણું જે શરીર છે એ પણ ક્લાસિ ગો ઇફેક્ટ ની પોઝિટિવિટી નેગેટિવિટી ને ગ્રહણ કરી શકે છે. અવસર વિજ્ઞાન ની અંદર દવાની દર્દીની દર્દી પર કેવી અસર થાય છે એ માટે વિવિધ પ્રકારના અખતરા કરવામાં આવે છે. એમાં ક્લાસિકો ઇફેક્ટનો એક અખતરો પહેલા કરવામાં આવ્યો હતો અને એમાં દર્દીને દૂધ અને ખાંડની જે બનાવેલી ગોળી હોય એ ટેબલેટ આપવામાં આવે છે અને એ ટેબલેટ ની ક્લાસીગો આપવામાં આવે છે. ગોળી દ્વારા દર્દીની અંદર એક જાતની શ્રદ્ધા એના મગજમાં પ્રગટ ક્રિએટ કરવામાં આવે છે. આ ટેબલેટ અંગે કહેવામાં આવે છે કે આ એના રોગમાં અક્સિર ઈલાજ નું કામ કરશે એ દવા પ્રત્યે એના મનમાં પોઝિટિવ થીંકીંગ ઉત્પન્ન કરવામાં આવે છે.  એ પછી દર્દીને દવા આપ્યા પ્રમાણે એને જે પ્રમાણે વાત કરવી હોય એ પ્રમાણે એની અસર થાય છે. આ ગોળીને તાવ વાળા ને આપીને પણ એની અસર નોંધવામાં આવી. ટાઈફોડ જાડા માથું દુખતું હોય તો આ રીતે વિવિધ પ્રકારના દર્દીઓને આ ટેબલેટ આપવામાં આવી અને એને એમને એક જાતનું પોઝિટિવ થીંકીંગ ક્રિએટ કરવામાં આવ્યું અને જેને જે પ્રમાણે કહેવામાં આવ્યું હતું અને એ જ પ્રમાણે એ દવાની અસર થાય છે. અને દરેક વ્યક્તિના દૂર રોગ દૂર થઈ જાય છે એટલે આ મંત્ર વિજ્ઞાન પણ ક્લાસિકો ઇફેક્ટથી અલગ નથી. મંત્ર અને મંત્ર આપનાર ગુરુ ઉપરની શ્રદ્ધા આ બે મહત્વના પરિબળો કામ કરે છે. મંત્રના અક્ષરો લીપી ઉપર પોઝિટિવ અને નેગેટિવ એનર્જી હોય છે .મેં  એક આર્ટિકલ લખ્યો છે દેવનાગરી લિપિ અને એનું વૈજ્ઞાનિક  મહત્વ તો આપણા જે મંત્ર વગેરે હોય છે બધા મોટાભાગે સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં હોય છે એમનો ધ્વનિ જે છે એ બહુ મહત્વનું વસ્તુ છે . મંત્ર દ્વારા વિશ પણ અમૃત બની જાય છે દ્રષ્ટાંત જોઈએ છે મીરા નું દ્રષ્ટાંત જોઈએ છીએ. રાણા  દ્વારા મોકલાયેલો ઝેરના કટોરાનું ઝેર પીને  પણ એ ઝેરની અસર મીરાં ઉપર ના થઈ. ગુરુ ભગવંતો ઉપરની શ્રદ્ધા કામ કરે છે એ વાત કલ્યાણ મંદિર સ્તોત્ર ની અંદર બતાવવામાં આવી છે વાટકીમાં કે હથેળીમાં પાણી લઈને એની અંદર ઓમની ભાવના આપો આ અમૃત છે એવી ભાવના આપો તો એ પાણી અમૃત બની જાય છે અને એના દ્વારા વિષ રોગ વગેરે દૂર થઈ જાય છે. આ રીતે ભાવના અને શબ્દની અંદર તાકાત હોય છે.

ડોક્ટર અમરીશ મહેતા વાસ્તુ શાસ્ત્રી છે એની પાસે ઘણા બધા વૈજ્ઞાનિક ઉપકરણો છે. મંત્ર અને યંત્રના ફોટો વગેરેની અંદર પણ પોઝિટિવ એનર્જી હોય છે કે કેમ એની ટેસ્ટિંગ કરવામાં આવે છે. આ ઉપ કરણ મોટાભાગે જર્મનીમાં બનેલા છે એની નકલ આપણા ભારતમાં પણ કરવામાં આવે છે ખરી પણ એમાં જે પરિણામ મળવું જોઈએ એ મળતું નથી. એ જર્મનીના આ યંત્ર દ્વારા ટેસ્ટિંગ કરવામાં આવે છે. આ યંત્ર રીઝોનાન્સ ઉપર કામ કરે છે. હમણાં જ મારી પાસે કોન્ટમ ઓફ ફિઝિક્સ કોન્ટમનેસ નામનું પુસ્તક આવ્યું એ પુસ્તકની અંદર કોન્ટમ હોલોગ્રામ રીઝોનેમ્સ ફેક્ટર આપવામાં આવે છે એ અત્યારનું બહુ મહત્વનું સંશોધન છે. એ પહેલા આપણે ત્યાં મેઘ ધનુષ્ય રંગો છે, પ્રકાશને લગતા વર્ણપટ જે  પ્રોફેસર સી બી રમણ સીવી રામન એમણે શોધેલ છે સંબંધ છે પ્રકાશ સંબંધી છે. એવી રીતે ધ્વનિ સંબંધી પણ છે રિઝોનાન્સ પ્રિન્સિપલ ઉપર એનું કામ કરતા હોય છે. આ અમરીશભાઈ મહેતાનું પ્રેક્ટીકલ ટેસ્ટીગ આપણે જોઈએ.

ફોટો અને યંત્ર દ્વારા બતાવ્યા મુજબ ક્રિસ્ટલ માંથી મંત્ર જાપ દ્વારા એની નેગેટિવ એનર્જી પણ પોઝિટિવ એનર્જી એમાં આવી નથી કારણ કે મંત્ર જાપ ઓછા પડે. ફિઝિક્સ ના જે નિયમો છે બધા નિયમો મંત્ર વિજ્ઞાન અને ઉર્જા વિજ્ઞાન એમાં લાગુ પડે છે. જેમ યંત્ર મોટું એમ એના માટે જાપ વધારે કરવા પડે જેમ યંત્ર નાનું એમ જાપ ઓછા કરવા પડે નાનું યંત્ર હોય એ ઓછા જાતની અંદર એનરજૈઝ થઈ જાય મોટા યંત્ર માટે વધારે જાપ કરવા પડે. એ એનર્જી એવર લાસ્તિંગ હોતી નથી એ  એનર્જી ડે બાય ડે ડીક્રીઝ થતી હોય છે. એટલે મોટા યંત્ર માં જેમ વધારે વાર લાગે એમ એમાં એનર્જી  વધુ સમય સુધી ટકે છે. નાના યંત્ર કે નાના નંગ થઈ જાય પણ એમાં એનર્જી વધુ સમય રહેતી નથી ડીસચાર્જ થઈ જશે.. ફિઝિક્સના જે નિયમો છે. બે કપ દૂધ ગરમ કરો તો એમાં વાર લાગે ને બે કપ ને બદલે એક લીટર દૂધ ગરમ કરવું હોય તો એમાં વધારે લાગે એક લીટરને બદલે પાંચ લીટર દૂધ ગરમ કરવું હોય તો એમાં હજુ વધારે વાર લાગે આ નિયમ યંત્ર માં પણ લાગુ પડે છે. એનર્જીસ કરવામાં વધારે વાર લાગે છે.

માળા નું પણ પોઝિટિવ કે નેગેટિવ ટેસ્ટિંગ કરવામાં આવે અને માળા બજારમાંથી લાવીએ ને તરત જાપ કરો તો એ હિતાવહ નથી. કારણ કે એ નેગેટીવ એનર્જી વાળી હોય તો અડધી એનર્જી આપણી એને પોઝિટિવ બનાવવામાં ખર્ચાઈ જાય છે. એના માટેનું વિશિષ્ટ મંત્ર આવે છે એ મંત્ર દ્વારા એના પર વાસક્ષેપ કરવાથી એને પોઝિટિવ એનર્જી વાળી કરવી પડે છે તો બજારમાંથી લાવેલી માળા નું અહીં ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નવકારવાળી ગુરુ ભગવંતો પાસે અભિમંત્રિત કરાવવાનું પ્રયોજન આ જ છે કે એમાં પોઝિટિવ એનર્જી આવે.

ઇફેક્ટ ઓફ સાઉન્ડ ચેમ્પીંગ ડોક્ટર ઈમોટો જાપાની સાયન્ટીસ્ટ છે. એણે પાણીના આઈસ ક્રિસ્ટલ એના ઉપર એમણે પ્રયોગો કર્યા છે. એમાં એમણે શબ્દો ની આઈસ્ક્રીસ્ટલ ઉપર શું અસર થાય છે એ આ બે ફોટોગ્રાફ્સમાં બતાવ્યું છે. ડાબી તરફ જે ફોટોગ્રાફ છે એ આઈસ વોટર પર લખવામાં આવ્યું લવ એન્ડ એપ્રિસિઅશન લખવામાં આવ્યું. એની સાથે એના જે આઈસ ક્રિસ્ટલ છે એ ષટકોણ ના આકારની અંદર વ્યવસ્થિત સુંદર આકૃતિમાં ગોઠવાઈ ગયા. એની બાજુનું જે ચિત્ર છે એ આઈસ ક્રિસ્ટલ વોટરનું જ છે એના ઉપર લખવામાં આવ્યું you make me sick, i will kill you આ જે શબ્દો લખવામાં આવ્યા. એથી એની અસર ધ્વનિની તો અસર થાય જ છે પણ જે શબ્દો લખવામાં આવે એની પણ અસર થાય છે. તે લખવામાં આવ્યું અને જે આઈસ્ક્રીસ્ટલ છે એનો ફોટોગ્રાફ જોઈએ તો બે પગ પહોળા કરીને હાથમાં બંદૂક હોય એ રીતનો એનો ફોટોગ્રાફ આવ્યો છે. આ છે ધ્વનિ અને શબ્દોની તાકાત. ધ્વનિ ની તાકાત તો હોય જ છે પણ લખેલા શબ્દોની પણ તાકાત હોય જ છે પોઝિટિવ અને નેગેટિવ એનર્જી એટલે મંત્ર માં પણ એ હોય છે એનર્જી પણ આવે છે મારણ વશીકરણ વગેરે એ પ્રકારના મંત્રો આવે છે એમાં નેગેટીવ એનર્જી આવે છે જ્યારે કોઈનું કલ્યાણ કરવાની ભાવનાથી જાપ કરવામાં આવેલા મંત્રોથી હોય એના સંબંધિત મંત્ર હોય એમાં હંમેશા પોઝીટીવ એનર્જી હોય છે. અહી  સાઉન્ડ ઓફ મેડીટેશન આપવામાં આવ્યું છે તે એક ઓઇલનું ટીપું છે એના પર ઓમકારના મંત્રના ધ્વનિ દ્વારા એનું ધ્યાન કરવામાં આવ્યું છે. ઓઇલના ડ્રોપમાં સુંદર આકૃતિ દેખાય છે. આ રીતે ઓમકારનો જે ધ્વનિ છે એ બહુ જ બહુ જ અદભુત

પોઝિટિવ એનર્જી ક્રિએટ કરે છે અને એ ક્રિએટ કરવામાં સમર્થ છે. અહીં પીર હઝરત ઇનાયત ખાનનું એક કોટેશન આપવામાં આવ્યું છે પાવર ઓફ સાઉન્ડ

Since all things are made by the power of sound of vibration so can we create this world by the same power .. વ્યાકરણ શાસ્ત્રોમાં શબ્દને બ્રહ્મ કહેવામાં આવે છે. કલ્પસૂત્રની અંદર ગણધર ભગવંતો તો એ પરંપરા ની અંદર પણ બતાવ્યું છે કે બ્રહ્મની વેદી, શબ્દને પણ એક બ્રહ્મતરીકે લેવામાં આવે છે આ રીતે શબ્દનું જ્ઞાન એ પણ બ્રહ્મ સ્વરૂપ રૂપો ની અંદર આ સ્વરૂપ પોસ્ટ સ્વરૂપ છે the knowledge of sound is supreme for it is beyond all form by the knowledge of sound the obtain the knowledge of creation in the mastery of that knowledge helps us to rise to the our wings is helping us rice from the earth to heaven and treat the life scene unseen સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવા માટે આ શ્રુતજ્ઞાન સહાયક બને છે, શબ્દ સહાયક બને છે જ્ઞાન સૌથી મહત્વની વસ્તુ છે અને મંત્ર વિજ્ઞાન ની અંદર આ સાઉન્ડ ધ્વનિ વિજ્ઞાન જ મહત્વનું છે. આ રીતે મંત્ર અને યંત્ર શબ્દ અને ધ્વનિ સાથે સંકળાયેલા છે.

*****************************************************************